**અવિનાશભાઈ : ૧)** આપશ્રી પુષ્ટિમાર્ગના મોભાસમા મુંબઈના મોટામંદિર સાથે જોડાયેલ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની સોળમી પેઢીએ સીધા વંશવારસ (descendent) છો. તેનાં સન્દર્ભમાં પોતાનાં વ્યક્તિત્વને કઈ રીતે મૂલવો છો?

**ગો.શ્યામ.** : કોઈ પણ વ્યક્તિનું વ્યક્તિત્વ કેટલાક ટકા વંશાનુગત, કેટલાક ટકા વાતાવરણાનુગત, કેટલાક ટકા બન્નેનું સામંજસ્ય બેસાડવા અપનાવેલ પુરુષાર્થાનુગત, તેમજ કેટલાક ટકા અણધાર્યા આકસ્મિક સંયોગાનુગત અને અન્તે તેમાં મળેલી સફળતા કે વિફળતા નું સમીકરણ હોય છે. તેમાં હું મારી જાતને અપવાદરૂપે જોતો નથી. મારું વ્યક્તિત્વ પણ એમજ વીસ પંચા સો છે! મારી મહેચ્છાઓનાં સન્દર્ભમાં મારા વ્યક્તિત્વનું ઘડતર સફળ થયું કે વિફળ થયું તે જો મારે નિખાલસ કબૂલાત કરવી હોય તો પચાસ ટકા સફળ અને પચાસ ટકા વિફળ માનું છું. છતાંય મહાપ્રભુજીનો **''પ્રાપ્તં સેવેત નિર્મમ''** ઉપદેશ મને નથી અહંકારી બનાવતો કે નથી આત્મનિંદક દૈન્યયુક્ત બનાવતો.

**જયેન્દ્રભાઈ : ૨)** મોટામંદિરના પૂર્વાચાર્ય નિ.લી.શ્રીગોકુલનાથજીના વિભિન્ન બાળકોને જુદા-જુદા વિષયોમાં પ્રવીણતા-દક્ષતા પ્રાપ્ત હતી તેમ કહેવાય છે. તેમાં આપના સ્થાનને આપ કઈ રીતે જુઓ છો?

**ગો.શ્યામ.** : મારા દાદા પ્રાતઃસ્મરણીય શ્રીગોકુલનાથજી બહુમુખી વ્યક્તિત્વ (multi-diamentional) ધરાવતાં હતાં અને તેવાં જ તે દરેક પોતાના પુત્રને પૌત્રોને પણ બનાવવા માંગતા હતાં. થોડાક વધુ પડતા અનુશાસનપ્રિય હતાં. તેથી તેમનાં દરેક પરિવારજનોમાં તેમના જેવું સમૃદ્ધ વ્યક્તિત્વ ખીલી શક્યું નહીં તો પણ ઘણાં બધામાં તેમના ઘણાં બધા ગુણો પૈકી કોઈક કોઈક ગુણની ખાસીયત પોતાના પિતા કરતાં વધુ સરખી રીતે વિકસી. પણ કોઈ પણ તેમનો પરિવારજન તેમને સંતોષકારક તો ન જ બન્યો તે એક હકીકત છે અને તે મારા દાદાની મહેષણાની પચાસ-પચાસ ટકા સફળતા અને વિફળતા ના સમીકરણનો હું પણ અપવાદ તો નથી જ.

**જયેન્દ્રભાઈ : ૩)** આપનાં પૂજ્ય પિતૃચરણ ગો.શ્રીદીક્ષિતજી મહારાજ પુષ્ટિસમ્પ્રદાયમાં વરેણ્ય વિરલ વ્યક્તિત્વ ધરાવતાં હતાં. તેમનો આપના વ્યક્તિત્વના ઘડતરમાં કેવો પ્રભાવ પડ્યો?

**ગો.શ્યામ.** : મારા દાદાજી(પિતૃચરણ)નું વ્યક્તિત્વ સહુમાટે વરેણ્ય હોય કે નહીં, અત્યંત વિરલ અને અદ્ભુત હતું. તેમનાથી અપ્રભાવિત કોઈ પણ વ્યક્તિ રહી જાય તેવું શક્ય જ નહોતું. તેઓ પોતાના પિતાશ્રીની મહેષણા મુજબ ન્યાય-વ્યાકરણનાં વિદ્વાન ન બની શક્યા પણ સાહિત્ય અને વેદાન્ત ના વિવિધ સમ્પ્રદાય શાંકર રામાનુજ માધ્વ તેમજ ઈસ્લામ સૂફી વિ. મતોનાં ઉચ્ચકક્ષાનાં વિદ્વાન પોતાનાં પિતા કરતાંય ચડિયાતા જ નહીં પણ અખિલ ભારતીય સ્તરના વિદ્વાન વક્તા હતાં.

રાજનીતિમાં પણ એટલા બધા સક્રિય હતાં કે કોઈ પણ એક વિચારધારા સાથે બહુ લાંબા સમય સુધી ટકી રહી શકે તેવું તેમનું માનસ નહોતું. મહાપ્રભુ વલ્લભાચાર્યનાં સાકાર-નિરાકાર અણુ-વ્યાપક બ્રહ્મની માફક વિરુદ્ધધર્માશ્રય હતાં. વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘની સક્રિય રાજનીતિની સાથે જયપ્રકાશ નારાયણ, અચ્યુતપટવર્ધન, મીનૂ મસાની, રામમનોહર લોહિયા જેવા રાજનીતિજ્ઞો સાથે

ગાઢ સંબંધ ધરાવનાર સમાજવાદી પણ હતાં. હિન્દુઓની રક્ષામાટે કોઈ હદ સુધી જવા ઉપરાંત ઘણાં બધાં મુસલમાનો સાથે ખૂબજ સ્નેહસંબંધ ધરાવતાં. છૂઆછૂતમાં લગીરે ન માનવાને કારણે અમારે ત્યાં ભગવત્સેવામાં અપરસમાં નહાતા નહોતા છતાંય બધા જ ઉત્સવોમાં ઠાકોરજીની કીર્તનસેવા કરતાં ભાવુક થઈ પ્રેમાશ્રુ વહેડાવતાં નિજમંદિરના દ્વારની બહાર એમનાં દર્શન કરવાં તે એક અદ્ભુત અનુભવ હતો! મને પણ કહેતાં કે ''મારા ફ્રીઝનું પાણી તારે ન પીવું તે છોવાયેલું છે. મારાથી અપરસ પળાતી નથી તારાથી પળાય છે.'' નાનો હતો ત્યારે મને ખૂબજ અદેખાઈ થતી કે અપવિત્ર હોય તો પોતે કેમ પીવે અને પોતે ફ્રીઝનું ઠંડુ પાણી પીતા હોય તો અમને કેમ પીવા નથી દેતા?

અમારા પરિવારમાં પ્રાત:સ્મરણીય શ્રીગોકુનાથજીએ પોતાની સંપત્તિનો બટવારો, અડધી સંપત્તિ ફૅમિલી ટ્રસ્ટ, અડધી સંપત્તિ સાત પુત્રોમાં સરખે ભાગે સાત હિસ્સામાં કરી. ઘરના ઠાકોરજી ફૅમિલી ટ્રસ્ટ્માં પધરાવ્યા. તેમાં સહુથી જ્યેષ્ઠપુત્ર પ્રાત:સ્મરણીય શ્રીકૃષ્ણજીવનજી એક તરફ, મારા પિતા અને તેમનાથી પાંચ નાના ભાઈઓ એક તરફ, તેમની કોરટબાજી થઈ. હવે સાતે ભાઈઓમાં અસલમાં મોટા કાકાજી અને મારા દાદાજી, રાજનીતિમાં બેઉ એક સાથે સક્રિય પણ પારિવારિક કલહમાં નાના ભાઈઓ સાથે જોડાયા પરિણામે ફૅમિલી ટ્રસ્ટ્નું પબ્લિક્ ટ્રસ્ટ્ થઈ ગયું. મેં મારા દાદાજીને પૂછ્યું કે આવા કલહમાં કોને લાભ મળ્યો? મારા દાદાજીએ તે વખતે નિખાલસભાવથી મને કહ્યુ કે શ્રીકૃષ્ણજીવનજી સાથેના કલહમાં બીજો કોઈ વિકલ્પ નહોતો રહી ગયો પણ મહાપ્રભુજીનાં સિદ્ધાન્તનો ભંગ કરવાનો અપરાધ થયો છે અને તે મુજબ એમણે 'મુંબઈ-સમાચાર' દૈનિકમાં લાંબી લેખમાળા



લખીને પોતાની ક્ષતિને ખુલ્લાદિલથી સ્વીકારી પણ. પછી અમારા એટલે દાદાજીના નિજ ઠાકોરજી પબ્લિક ટ્રસ્ટ્માં ચાલ્યા ન જાય એ માટે અમે મંદિરમાંથી બીજે પધરાવી જવાની હિલ-ચાલ કરતાં આ તરફ દાદાજીના પાંચે ભાઈઓમાં પણ વિવાદ થયો. અન્તે, દાદાજીએ બધાં કીમતી આભરણો જે અમારા ઠાકોરજીનાં હતાં તે પબ્લિક ટ્રસ્ટ્ને આપીને ફક્ત ઠાકોરજી પધરાવી લેવાની ફૉર્મ્યુલાપર સહમતિ થતાં (ઠાકોરજીને) બચાવી શક્યાં. પણ એ મનોમાલીન્યને કારણે અમારા તરફનાં ભાઈઓનાં કોઈ પ્રસંગમાં મને બાકાત રાખીને મારા દાદાજીને આમંત્રવામાં આવ્યાં. તેમાં સામેલ ન થાવ એવો મેં વિરોધ કર્યો હતો. મારા દાદાજીનો એક નિખાલસ જવાબ હતો ''તારે ન જ સામેલ થવું પણ હું તો સામેલ થઈશ કેમકે પ્રેમથી મને આમંત્રવામાં આવ્યો છે.'' મેં કહયું કે ''આપ અને હું નોખા!'' તેમણે જવાબ આપ્યો કે ''જે એમ ધારતો હોય તે મૂઢજન છે. પણ તારે સામેલ ન થવું કેમકે આપણી સાથે અન્યાય થયો છે.'' આવા તો અનેક વિરુદ્ધધર્માશ્રય બ્રહ્મ જેવા સ્વભાવ અને ચરિત્ર હતાં. તેની મારા ઉપર પ્રભાવ કે છાપ ગહેરી છે.

**અવિનાશભાઈ :** ૪) આપનો જ્યાં પૂર્વકાલ વીત્યો છે તે મોટામંદિરની જાહોજલાલીનો ત્યાગ કરી તેમજ પરંપરાગત સેવ્યસ્વરૂપ શ્રીબાલકૃષ્ણલાલજીની સેવા છોડી આપ વિલેપાર્લેનાં પરા વિસ્તારમાં એક સામાન્ય ફ્લૅટ્માં આપે વસવાટ કર્યો છે તેની પાછળનું રહસ્ય શું છે તે જણાવશો.

**ગો.શ્યામ. :** જોકે ત્રીજા સવાલનાં ખુલાસામાં આનો પણ ખુલાસો થઈ જતો હોય છે. તો પણ સ્પષ્ટ શબ્દોમાં ખુલાસો ફરીથી આપવા માંગીશ કે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની સૈદ્ધાન્તિક શ્રદ્ધા

નિષ્ઠા અને વિશ્વાસ મુજબ ભગવત્સેવા જાહેર પ્રદર્શન કે પરિવારનિર્વાહ માટે કમાણીનો ધંધો કે નોકરી હોઈ શકતી નથી. ભગવત્સેવા ડિવોશનલ્ હોવી જોઈએ પ્રૉફેશનલ્ નહીં. આ આપણાં પુષ્ટિમાર્ગની એક અતીવ શોક-ઘૃણાસ્પદ અધોગતિ થઈ છે કે આજે આમારાં ગોસ્વામિ-પરિવારોનાં ઠાકોરજીની સેવા ભક્તિભાવાત્મિકા હોવાને ઠેકાણે જઘન્ય ધંધાકીય પ્રવૃત્તિ બની ગઈ છે. લાયબલ્ કેસ્માં કોઈક મહારાજશ્રીએ ખાનગી સંવાદમાં કબૂલાત કરી હતી ''વ્યભિચાર અમારી આજીવિકાનું પ્રમુખ સાધન છે.'' નૈતિક રીતે આવું વિધાન આચાર્યપદથી પ્રશંસનીય ન હોઈ શકે. પણ મહાપ્રભુનાં વંશજ ઉપદેશકની હેસીયતમાં મને લાગે છે કે પોતાનાં સર્વસ્વ ઠાકોરજીને રોજી-રાટી કમાવાનું સાધન બનાવવું તે પોતાની નૈતિકતાને ખોવા કરતાં પણ વધારે જઘન્ય અપરાધ છે. કેમકે પુષ્ટિમાર્ગમાં વેશ્યા પણ ભગવત્સેવા કરતી હતી તેવાં પ્રસંગો છે. ટાઈમ્સ્ ઑફ ઈંડિયાનાં ઈલસ્ટ્રેટેડવીકલીએ સાઈઠના દાયકામાં પુષ્ટિમાર્ગી ધર્મગુરુઓને પુરુષવેશ્યા (gigolo) આલેખ્યા હતા. સ્ત્રીવેશ્યા કરતાં પુરુષવેશ્યાને વધારે હલકી પાયરી ઉપર જોવો મને મૅલ્-શાઓનિઝ્મ્ લાગે છે. જોકે ધર્મગુરુને છાજે તેવો ધંધો નથી જ, જેમાં બેમત નહીં પણ ભક્તિનાં ધંધા કરતાં વધારે નિંદનીય તો નહીં જ.

**અવિનાશભાઈ : ૫)** આપ રાજસ્થાનમાં કિશનગઢ શહેર સાથે પણ તાલ્લુક ધરાવો છો. તેની પૃષ્ઠભૂમિ વિષે કાંઈ કહેશો?

**ગો.શ્યામ. :** ઍક્ચ્યુઅલી મારા દાદાજી (નિ.લી.દીક્ષિતજી મહારાજ)ને ત્યાં adopt કરવામાં આવ્યા હતાં. એ ઘર કિશનગઢ રાજ્યનું સમૃદ્ધ ગુરુઘર હતું પણ મારા દાદાજીને તેમના જીવનની વિવિધ વ્યસ્તતામાં ક્યારેય તેની કાળજી લેવાનો મોકો મળ્યો જ નહીં. મેં જ્યારે મોટું મંદિર છોડયું ન્હોતું ત્યારથી કિશનગઢમાં રહેવાની મારી તીવ્ર મનોકામના હતી. પણ તે મારાથી શક્ય થઇ નહીં. પણ હાલમાં મારા બનતા પ્રયાસથી મારા દાદાજીને adopt કરનારી મારી દાદીમાંનો વિશ્વાસઘાત ન થાય તે ભાવનાથી એને રિનોવેટ્ કરાવ્યું છે અને મારા દત્તકપુત્ર એવા ગોસ્વામી પુરુષોત્તમબાવાને સોંપ્યું છે. મારા બાલ્યાવસ્થાની ઘણીબધી સુખદ સ્મૃતિઓ કિશનગઢ સાથે જોડાએલી છે એટલું જ નહીં પણ ત્યાંની વૈષ્ણવ જનતાને પુષ્ટિમાર્ગનાં મહાપ્રભુજીને અભિમત આદર્શો સમજાવવા તે મારું નૈતિક દાયિત્વ મને લાગે છે. જોકે પહેલાં કરતાં વૈષ્ણવોની સંખ્યામાં ત્યાં ભારે ઘટાડો થયો છે. પણ તેનું કારણ કિશનગઢનાં રાજવીઓનાં પુષ્ટિમાર્ગીય હોવાને કારણે ઘણા બધા પુષ્ટિમાર્ગી બની ગયા હતાં. હવે ધર્મ-નિરપેક્ષ રાજ્યપ્રણાલીને કારણે તેવી તાદાતમાં ત્યાં વૈષ્ણવો નથી રહયા. પણ મહાપ્રભુની કૃપાના સૌભાગ્યને કારણે જે રહયા છે તેઓને પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તો અને આદર્શો પ્રત્યે સભાનતા ખીલવવામાં મને કાંઈક સફળતા સાંપડી છે. ન્યાયાલયમાં પણ અને જનતામાં પણ.

**જયેન્દ્રભાઈ : ૬)** આપે વલ્લભસમ્પ્રદાય અર્થાત્ પુષ્ટિસમ્પ્રદાયમાં વિશેષત: વિદ્વત્-જગત્માં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આપે અનેક ગ્રન્થો પ્રકાશિત કર્યા છે તેમજ અસંખ્ય પ્રવચનો વિભિન્ન વિષયો પર આપ્યાં છે. જે પુષ્ટિસૃષ્ટિ માટે અતિઉપકારક છે. આપના એ કાર્ય માટે કયું પ્રેરણાબળ રહ્યું છે?

**ગો.શ્યામ. :** મેં મહાપ્રભુજીનાં ગ્રન્થો શરૂઆતમાં મારા દાદાજીનાં પ્રવચનમાં નિત્ય શ્રોતા બનીને, તે પછી ગ્રન્થોની પંક્તિઓના આલાપનની પ્રક્રિયાથી પણ અધ્યયન કર્યું. મને મારી બુદ્ધિ

પ્રમાણે મહાપ્રભુની વાણી ઉપદેશ અને દર્શન પ્રત્યે પ્રગાઢ શ્રદ્ધા અને વિશ્વાસ છે, તે બધું મારાથી પૂર્ણરૂપે જીવાય કે ન જીવાય તે ગ્રન્થો હમેશાં ઉપલબ્ધ રહે. ક્યારે પણ જિજ્ઞાસુજનો માટે અનુપલબ્ધ ન થાય તે મારાં જીવનનું ધ્યેય છે. જોકે પ્રવચન કરવું મને નથી ગમતું, ભણાવવું ગમે પણ ગ્રન્થો ભણનારા કાંઈ અમસ્તા ન આવી જાય એટલે ના છુટકે કરું છું. યંગ્ એજમાં મારા દાદાજીની સામે બોલવાની તો હિમ્મત ન્હોતિ પણ પીઠ પાછળ એવા શ્લોક બોલતો રહેતો કે ''શાસ્ત્રપ્રવક્તૃભિ: મંચે જનાકર્ષણવાંછયા ગ્રન્થિમોચનનાટ્યેન શાસ્ત્રં વારાંગનાયિતમ્'' એટલે શાસ્ત્રો ઉપર પ્રવચન કરનારાઓ જનતાને આકર્ષિત કરવાની અદમ્ય ઈચ્છાને વશીભૂત થઈને સભામંચ ઉપર શાસ્ત્રોની ગ્રન્થિઓને ખોલવાના નાટકથી જેમ જુના જમાનામાં સુન્દર રૂપવતી સ્ત્રીઓને નગ્ન કરીને મંચ ઉપર પ્રદર્શન ગોઠવતાં તેમ શાસ્ત્રોની ગતિ વારાંગના જેવી બનાવતા હોય છે. જોકે હજુ એ વિચાર સાવ લુપ્ત તો નથી થયો પણ મારે પોતે પ્રવચનો કરવા પડે છે એટલે મારા આ શ્લોકનો ઉલ્લેખ વધારે નથી કરતો. ખેર, ધર્મ-દર્શનનાં ગ્રન્થોનાં અધ્યયન-અધ્યાપન સંપાદન-પ્રકાશન અને યોગ્ય અધિકારીઓમાં તેનું વિતરણ એમાં મારી હાર્દિક રુચિને ખૂબજ સંતોષ મળે છે. એવું નથી કે સમ્પ્રદાયના જ ગ્રન્થો, વિસમ્પ્રદાયના ગ્રન્થોનાં પ્રકાશનમાં જે બને તેવો સહયોગ આપવો તેવી મારી ત્રણ પેઢીથી વધારે જૂની પરંપરા રહી છે. મારા દાદાજી રામાનુજ નિમ્બાર્ક શાંકર વેદાન્તનાં ગ્રન્થોનાં પ્રકાશન માટે પુષ્કળ આર્થિક સહકાર આપતા અને અપાવતાં હતાં. તેને હું જાળવી રાખવા ભરચક પ્રયાસ કરું છું. મેં તો મારી આલોચના કરનાર એક ભાઈને પાંચ હજાર રુપિયા આપીને બધી જ મારા માટેની ભૂંડી ગાળો આપનારી પુસ્તકના પ્રકાશનમાં સહયોગ આપ્યો છે. તો મારા મહાપ્રભુજીનાં ગ્રન્થોનાં પ્રકાશનનું ઉત્તરદાયિત્વ વલ્લભપંચશતાબ્દિમ-હોત્સવ વખતે મને જ્યારે સોંપવામાં આવ્યું ત્યારથી એક વર્ષ ખાલી નથી ગયું કે કોઈ ગ્રન્થ પ્રકાશિત ન થયો હોય! એમાં શ્રીપુરુષોત્તમજી લેખવાળા, મૂલચંદ તેલીવાલા, ધીરજલાલ સાંકળિયા, વાડીલાલ નગીનદાસ શાહ આવા બીજા પણ અનેક મહાનુભાવો મારા માટે આદર્શ પુરુષો રહયા છે.

**અવિનાશભાઈ :** ૭) જેમ સામાન્ય ગૃહસ્થ જીવનમાં સ્થાયી થવા માટે કોઈ ધંધો-વ્યવસાય અપનાવે છે તેમ પુષ્ટિ સમ્પ્રદાયમાં મહદ્અંશે જોવા મળે છે કે પ્રત્યેક ગોસ્વામી આચાર્ય પોતાના સેવ્ય-આરાધ્ય ભગવત્સ્વરૂપની સેવાને સાર્વજનિક મંદિરનું રૂપ આપતાં હોય છે. જેના દ્વારા તેમના પરિવારનો નિર્વાહ થતો હોય છે પરંતુ આપે તેવો અભિગમ ન અપનાવતાં અધ્યયન-અધ્યાપનની પ્રવૃત્તિ અપનાવી છે તે પાછળની આપની કઈ વિચારસરણી રહેલી છે? આપના જીવનનિર્વાહના સંસાધનો કેવી રીતે પ્રાપ્ત કરો છો?

**ગો.શ્યામ. :** આ બાબતમાં થોડુક તો મેં તમારા 'અલ્પવિરામ'ના કાર્યક્રમમાં મારા ઘણા બધા ધમપછાડાનો ઉલ્લેખ કર્યો છે જ. મોટું મંદિર છોડીને ફ્લૅટ્માં રહેવાનું નક્કી કર્યું ત્યારે મારી પત્ની સાથે નિર્વાહ બાબતની ચર્ચા દરમ્યાન મારી મોટી પુત્રી દિવા આઠ કે નવ વર્ષની હશે, તે સાંભળી રહી હતી. અમારી ચર્ચામાં વાક્ક્ષેપ કરતાં તે બોલી ''કાકા! આપને તબલા વગાડવાનો આટલો બધો શોખ છે તો સરખી રીતે શીખી લીધા હોત તો એક તબલા વગાડવાના કાર્યક્રમનાં આપને ઓછામાં ઓછા પચાસ રુપિયા તો મળી જ રહેત કે નહીં? એને અમારી

ચિંતા, પુત્રી તરીકે સહાનુભૂતિનો ભાવ પ્રબળ થઈ ગયો! પણ પરિવારના નિર્વાહની બાબતમાં તે વખતે મારા પ્રેમી વૈષ્ણવ ભગવદીય જે દર મહિને સો-બસો ભેટ ધરતાં હતાં તેમને ખબર પડી કે હું મારા ઠાકોરજીને પધરાવીને મારા ફ્લૅટ્માં નિત્ય-નિયમથી સેવા કરું છું, તે આવ્યા અને ''મને તમારા ઠાકોરજીનાં દર્શન કરાવો'' એમ કહેવા લાગ્યા. મને ન્હોતી રુચિ કે ન્હોતી મારા નિશ્ચયમાં નબળાશ કે કોઈને પણ મારા ઠાકોરજીનાં કે સેવાના દર્શન કરાવું. એટલે વિનયથી ના પાડી તો કહેવા લાગ્યા કે ''બીજાને ન કરાવો પણ મને કેમ તમે ના પાડી શકો?'' ત્યારે મારે તોછડાઈ કરીને એમને કહેવું પડ્યું કે ''કાલથી તમારે મારે ત્યાં આવવું નહીં અને આ જે રુપિયા ભેટ ધરવા લાવ્યા છો તે પાછા લઈ જાઓ, નહીં તો ફાડીને ફેંકી દઈશ.'' પણ લોકોની મહાપ્રભુજીમાં એટલી બધી શ્રદ્ધા અને નિષ્ઠા છે કે હું કોઈને ત્યાં પધરામણી કરવાની ઈચ્છા કરું કે ન કરું, કોઈનાથી મારા પારિવારિક ખર્ચા કે ઠાકોરજી માટે કાંઈ પણ માંગુ નહીં છતાંય એટલી બધી ભેટ મને ધરે છે કે મારે ક્યારેય ન તો હાથ પ્રસારવાની જરૂરત પડી કે ન જે વખતે જે કાંઈ મારે જોઈતું હતું તેને મેળવવામાં મને ક્યારે પણ આર્થિક ભીંસ અનુભવાયી છે. પ્રભુકૃપા અને મહાપ્રભુ પ્રત્યેના વૈષ્ણવસમાજમાં આદરભાવને કારણે મારા જેવો ગુડ્ ફોર્ નથિંગ્ મહારાજ પણ મોજમાં રહે છે. **''પ્રભુઃ સર્વસમર્થોહિ તતો નિશ્ચિન્તતાં વ્રજેત્''** જોકે મારી મહેષણા ન્હોતી આમ મફતની ભેટ ઉપર જીવનનિર્વાહ ચાલે પણ તે પૂરી ન થઈ. હું આવી રીતે જીવન-નિર્વાહ કરવા ન્હોતો માંગતો. યે ન થી હમારી કિસ્મત કે વિસાલેયાર હોતા અગર ઔર જીતે રહતે યહી ઈન્તજાર હોતા.



**જયેન્દ્રભાઈ-અવિનાશભાઈ :** ૮-૯) અન્ય આચાર્યોની પરંપરાથી વિપરીત વલ્લભસમ્પ્રદાયમાં શિષ્ય-પરંપરાને બદલે વંશ-પરંપરા અપનાવવામાં, તેનો મર્મ શું છે? શું પુષ્ટિસમ્પ્રદાયમાં વંશ-પરંપરાને કારણે સિદ્ધાન્તનિષ્ઠાને ઠેકાણે ગુરુ-નિષ્ઠાનું મહત્વ નથી વિકસ્યું? જેને કારણે આજે આ સમ્પ્રદાય સિદ્ધાન્તલક્ષી હોવાને બદલે વ્યક્તિલક્ષી નથી બની ગયો?

**ગો.શ્યામ. :** અસલ બ્રાહ્મણધર્મ એટલે સનાતન વૈદિકધર્મ અને પાછળથી જૈન-બૌદ્ધ ધર્મો સાથેની ક્રિયા-પ્રતિક્રિયારૂપે વિકસિત થયેલ શાંકર રામાનુજ માધ્વ નિમ્બાર્ક વાલ્લભ કે ચૈતન્ય વિગેરે સમ્પ્રદાયોમાં સંન્યાસ-વૈરાગ્યનું માહાત્મ્ય વધી જતાં જે પૂર્વાચાર્યો ઋષિમુનિઓ હતાં તેમની ગૃહસ્થઆચાર્યની પ્રણાલિકાને છોડી દેવામાં આવી. જૈન-બૌદ્ધોની માફક વિરક્ત આચાર્યોની પરંપરા તો સનાતનધર્મમાં નવો ચીલો હતો. આ કારણે જે ગૃહસ્થ બ્રાહ્મણો અધ્યાપન, કોઈ પણ વિષયનું, કરાવતો હોય તે 'ગુરુ', કર્મ કરાવતો હોય તે 'પુરોહિત', વેદાદિ શાસ્ત્રોનાં કોઈ ચોક્કસ અંશને ભણાવતો હોય તો તે 'ઉપાધ્યાય' અને પોતાના ગુરુકુલમાં પોતાના પુત્રોની માફક પોતાના શિષ્યોનું પણ લાલન-પાલન કરીને વેદોપનિષદ્ સ્મૃતિ વ્યાકરણ વિ. સાંગોપાંગ અધ્યાપન કરાવતો હોય તે 'આચાર્ય' તરીકે માન્ય થતો. આ અસલ વૈદિક પરંપરા હતી તેના પછી સમ્પ્રદાયાચાર્યોનાં રીવાજને કારણે તેવા બ્રાહ્મણો ગોરમહારાજની નીચેની પાયરીએ ફેંકાઈ ગયા. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે આમાંથી કઈ રીત યોગ્ય તે બાબતમાં કશું સ્પષ્ટ વિધાન નથી કર્યું. પોતે ગૃહસ્થ-આચાર્ય હતાં, અસલ પ્રાચીન પ્રણાલી મુજબ, પુષ્ટિસમ્પ્રદાયમાં કોણ આચાર્ય પદવીપર આરૂઢ થઈ શકે તે બાબતમાં કોઈ પણ જાતની બાંધ-છોડ કર્યા વિના ત્રણ શરતો મહાપ્રભુએ બતાવી.

(૧) ગુરુ પોતે કૃષ્ણસેવામાં તત્પર હોવો જોઈએ. (૨) ભાગવતતત્ત્વજ્ઞ હોવો જોઈએ. અને આ બેઉ ગુણો (૩) દંભ-લોભ કે લાભ-પૂજાર્થમાટે ન કરતો હોવો જોઈએ. આવો ગુરુ ન મળે તો પણ પુષ્ટિભક્તિ અને પુષ્ટિપ્રપત્તિ શ્રીકૃષ્ણની જાતે પણ (અથવા તો મૂળ મહાપ્રભુજીને ગુરુ માનીને પણ) કરવી જોઈએ. સાંપ્રદાયિક દીક્ષા શ્રીકૃષ્ણની શરણાગતિ અને સેવાભક્તિ માટે જ છે. શ્રીકૃષ્ણની શરણાગતિ કે સેવાભક્તિ મહાપ્રભુના વંશજોને કે ગેરવંશજોને ગુરુ બનાવવા માટે નથી. વિવાહસંસ્કાર દાંપત્યસહજીવન માટે હોય છે. દાંપત્યસહજીવન વિવાહસંસ્કાર માટે નથી હોતું. પાંચ-દસ પેઢી સુધી એવી આદર્શ રીતિ નભી તેમાંથી વંશવાદ વકર્યો છે. કોઈ પણ સંજોગોમાં ગોસ્વામી શ્રીવિટ્ઠલનાથ પ્રભુચરણના સાત આત્મજોમાંથી આજે બે જ શ્રીગિરિધરજી અને શ્રીયદુનાથજીના વંશજો અમે છીએ. ધારોકે કાલે આ બેઉ વંશો પણ ખતમ થઈ જાય તો શું પુષ્ટિસમ્પ્રદાયને defunct(મૃત) ઘોષિત કરવો? જો એમ હકીકત હોય તો આ સમ્પ્રદાય શ્રીકૃષ્ણની કૃપા ઉપર અવલંબિત ન હોઈ વલ્લભવંશજોની કૃપા ઉપર અવલંબિત માનવો પડશે. જ્યારેકે મહાપ્રભુનો ઉપદેશ તો **''સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ પાષંડપ્રચુરે લોકે કૃષ્ણએવ ગતિર્મમ''** નો છે. કર્મ જ્ઞાન ભક્તિ તપ સંન્યાસ વિ. માર્ગો બધાજ ખલધર્મી કલિયુગને કારણે નષ્ટ થઈ ગયા છે. લોકો પાષંડમાં રચેલા-પચેલા છે. તેથી શ્રીકૃષ્ણ એકમાત્ર આપણી સાચી સદ્ગતિ છે. તેથી આ દુરવસ્થાનો શિકાર પુષ્ટિસમ્પ્રદાય થયો નથી એમ કહેવાની હિંમત મારામાં તો નથી.

**જયેન્દ્રભાઈ : ૧૦)** પુષ્ટિસમ્પ્રદાયમાં કોઈ એકજ આચાર્ય વરિષ્ઠ સ્થાને ન હોવાથી (સ્વામી નારાયણના પ્રમુખસ્વામીની માફક) અને સર્વે આચાર્યો સમાન કક્ષાએ સ્થાપિત હોવાથી તેમના વૈચારિક મતભેદો વર્તાઈ રહ્યા છે જે સમ્પ્રદાયની સમગ્રતાને માટે ઘાતક કહી શકાય. આવી પરિસ્થિતિ માટે કયા કારણો છે અને તેને દૂર કરવાના ઉપાયો શું?

**ગો.શ્યામ. :** આ સમસ્યા પુષ્ટિમાર્ગની છે તેવું નથી પરંતુ દરેક ધર્મસમ્પ્રદાય, દરેક રાજનૈતિક દળોની છે. સ્વામી નારાયણમાં પણ અસલમાં બે-ત્રણ પ્રમુખ ગાદિપતિ છે. તેમનાથી નોખો ચોકો પ્રમુખસ્વામીના ફાંટાનો છે. ઈસાઈઓમાં સત્તાવીસ ફાંટાઓ છે. ઈસ્લામમાં બોત્તેર ફાંટાઓ છે. કૉંગ્રેસ સમાજવાદી અને સામ્યવાદીઓ ના પણ અનેક ફાંટાઓ છે. માણસનું મન જ સમસ્યા છે અને તે જ સમાધાન પણ.

**અવિનાશભાઈ : ૧૧)** વર્તમાન સમયમાં યુવાપેઢીને સમ્પ્રદાયનું વ્યવસ્થિત પ્રશિક્ષણ મળે તે માટે શું વ્યવસ્થા હોવી જોઈએ?

**ગો.શ્યામ. :** દરેક પુષ્ટિમાર્ગીયની વસ્તીમાં બાલવર્ગની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. સિદ્ધાન્તવિહોણી સેવાપ્રદર્શનનો વ્યવસાય કરતી હવેલીઓ કરતાં સત્સંગપ્રધાન પુષ્ટિધામોમાં પ્રપત્તિમાર્ગીય પાઠ-કીર્તન-પ્રવચન-ઈતિહાસબોધ આપનાર પ્રદર્શની કક્ષોવાળી વ્યવસ્થા થવી જોઈએ. ઍકેડમિક્ લેવલ્ પર હાલમાં મુંબઈ વિદ્યાપીઠમાં જેમ વલ્લભવેદાન્તવિભાગમાં અધ્યાપન-પરીક્ષા અને પદવીપ્રદાન થાય છે તે અતિશય વાઞ્છનીય અને અભિનંદનીય છે. તેમાં વૈષ્ણવો જોડાય તેવા પ્રચાર-પ્રસારની આવશ્યકતા છે. આ વર્ષે તેરમાં વર્ષમાં એ વિભાગ પ્રવેશ કરશે તે નાની-સૂની ઉપલબ્ધિ નથી.

**જયેન્દ્રભાઈ : ૧૨)** આપની આવી બહુમુખી પ્રતિભા નિખરી

છે જેમાં આપે મનોવિજ્ઞાન પાશ્ચાત્યદર્શન સંગીત કાવ્ય વિવિધ ભાષાઓનું જ્ઞાન ઈત્યાદિનું રહસ્ય શું છે?

**ગો.શ્યામ. :** હું આમાં કોઈ પણ વિલક્ષણતા ધરાવું છું એવું મને નથી લાગતું. આપણી ભગવત્સેવાપ્રણાલી અને આચાર્યવંશપ્રણાલી નો સાંસ્કૃતિક વારસો એવો છે કે મોટાભાગે ગોસ્વામિ-આચાર્યો અને અનુગામિ વૈષ્ણવપરિવારોમાં પણ જેને કોઈને વારસાનું સૌભાગ્ય મળે તેમાં બહુમુખી પ્રતિભા ખીલે જ.

**અવિનાશભાઈ : ૧૩)** આપ આજની પુષ્ટિમાર્ગીય યુવાપેઢીને શું સંદેશ આપવા ઈચ્છો?

**ગો.શ્યામ. :** વર્તમાન વૈશ્વિક વિચારધારા અને ચૅલેન્જીસ્ ને મુક્ત હૃદયથી સ્વીકારો પણ આપણા અતીતના સાંસ્કૃતિક-ધાર્મિક ગૌરવથી ગાફેલ થયા વિના.

**અવિનાશભાઈ : ૧૪)** પુષ્ટિસમ્પ્રદાયનું અનુયાયીઓ દ્વારા અનુસરણ પ્રાયઃ પરમ્પરાગત અન્ધાનુકરણ માફક થઈ રહેલું જણાય છે. તેના વિધીવત્ જ્ઞાનપ્રાપ્તિ માટેની સુચારુ સાર્વત્રિક વ્યવસ્થાના અભાવમાં વિચારોની વિષમતા જોઈ શકાય છે. તદ્‌વિષયક વિશેષતઃ વર્તમાન શિક્ષિત યુવાપેઢીને અનુલક્ષીને કયા પ્રકારની વ્યવસ્થા હોવી જરુરી છે, જેથી વિશ્વમાં ક્યાંય પણ રહેનાર જિજ્ઞાસુ અનુયાયી યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી શકે?

**ગો.શ્યામ. :** ઘણું બધુ પુષ્ટિમાર્ગીય મટિરીયલ્ ઘણાં બધાઓનાં પ્રવચનો સપ્તાહ-કથાઓ અને ઠાકોરજી ના વ્યાવસાયિક પ્રદર્શનીઓ ફેસ-બુક્ તેમજ યૂટ્યુબ્ જેવા અન્તર્રાષ્ટ્રિય સોશિયલ્ મિડીયા ઉપર અવેલેબલ્ છે જ પણ ઍકેડમિક્ નેચર્માં પુષ્ટિમાર્ગીય મૂલ ગ્રન્થોના અભ્યાસની અપેક્ષાને સંતોષી શકે એવા ઓન-લાઈન અભ્યાસક્રમ જે તમે શરુ કરવાનું વિચારી રહ્યા છો તે યોજના અમલમાં આવે તો ખૂબજ અસરકારક ફલદાયી બની શકે છે.